પત્રક્રમાંક:બમશ/મા ૨/૫ ટયુશન/૦૩/૬૨૮૩-૬૩૧૧
કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને શાળાઓની કચેરી,
બ્લોક નં.૧૨,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા.૮/૭/૨૦૦૩.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)

વિષય:- શિક્ષકો દ્વારા કરાવવામાં આવતા ટયુશનો સદંતર બંધ કરાવવા બાબત....

સંદર્ભ:- (૧) સરકારશ્રીના શિ.વિ.ના ઠરાવ ક:મશબ/૦૨/૯૦૧/છ/ તા.૩૦/૪/૦૨.
(૨) સરકારશ્રીના શિ.વિ.ના ઠરાવક્રમાંક:મશબ/૦૨/૯૦૧/છ/ તા.૩૦/૫/૦૨
(૩) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક:પરચ/૦૨/છમ/ ૩૯/છ/તા.૧૧/૭/૦૨.
(૪) માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના પત્રક્રમાંક:શિ/િ.ટે.ક/૨.યુસા.૫/ ૨૧૦૬/૨૦૦૩-૦૪/તા.૯/૬/૨૦૦૩.

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે,શિક્ષણ વિભાગ દ્વારા રાજય ની માધ્યમિક/ઉ.માધ્યમિક શાળાના શિક્ષક ખાનગી ટયુશન કરી ન શકે તેવી જોગવાઈ સંદર્ભ ૧ અને સંદર્ભ ૨ થી કરવામાં આવેલ છે.

ઉકત ઠરાવ સંદર્ભે સબંધિત શિક્ષક ખાનગી ટયુશન કરે છે કે કેમ?તે ચકાસવાની જવાબદારી શાળાના આચાર્ય અને સંચાલકની છે.

જે તે જિલ્લાઓમાં શિક્ષકો દ્વારા ટયુશનો કરાવવા અંગે વારંવાર માનમંત્રી (શિક્ષણ પાસે ફરીયાદો કરવામાં આવે છે જે સંદર્ભ-૪માં દર્શાવેલ પત્રથી અત્રેની કચેરીને જણાવેલ છે.તો સદર બાબતે જે શિક્ષકો ટયુશન કરતાં હોય તેવી માહિતી કે ફરિયાદ હોય કે શિક્ષકો દ્વારા પોતાના સ્થળ ઉપર ટયુશન બંધ કરી જે તે વિદ્યાર્થીઓના ઘરે જઈ ગૃપ ટયુશન કરાવાય છે.તેવું ધ્યાન પર આવેલ છે.જો શિક્ષક ટયુશન કરતાં જણાય તો શાળાના આચાર્ય અને સંચાલકને નોટીસ આપી ગ્રાંટ કાપ કરવા તથા શિક્ષક સામે નિયમાનુસાર પગલા લેવા કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સાથો સાથ ટયુશન પ્રવૃત્તિ કોઈ પણ સ્વરુપે ચાલતી હોય તો તે બંધ કરાવવી અને સુચનાનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

સહી/-અવાચ્ય
સંયુકત શિક્ષણ નિયામક(માધ્ય)
ગુ.રા.,ગાંધીનગર.